સાલ : ૧૫ / સિલસિલાવાર નંબર : ૧૪૪ / શુમારો : ૬ ફુલ પાના - ૧૬

# مشکوة الهادی

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૩૯ / જૂલાઇ-ઓગસ્ટ ૨૦૧૮

## કબ્રસ્તાન : બાગ યા ખાડો

### ➔ આસ્માનનો ઝમીન પર જલ્વોઃ

રૂહ, આસ્માનથી છે અને જિસ્મ ઝમીનથી છે. રૂહને કરાર-તમક્કુન તે વક્ત હાસિલ થાય છે કે, જે જગા પરથી તે આવી હોય તે જગા પર તરક્કી સાથે દોબારહ જાય. જિસ્મને કરાર તે વક્ત મિલે કે, તેમાં વસેલી રૂહની તરક્કી સાથે તેના ઝર્રાઓની પણ નજાત થાય. તરક્કી અને નજાત આમને આમ હાસિલ થાતી નથી પણ તે વાસ્તે સખ્તમાં સખ્ત ઈમ્તેહાનથી ગુઝરવું પડે છે. નફસની ખૂબસૂરતી જે રૂહનો એક હિસ્સો છે, તે વક્ત કમાલ પર પહોંચે છે જે વક્ત તેના સાથે ખાકસારી જોડાય છે. આ તે જ વક્ત મુમ્કિન છે કે, હમેં એતેરાફ કરીએ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આસ્માનના મમ્સૂલ-સાહેબ છે અને અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ઝમીનના મમ્સૂલ-સાહેબ છે. આસ્માન ઝાહિર-ખુલ્લું છે અને ઝમીન બાતિન-બંધ છે.

આ દલીલ ઘણી જ આકેલાના છે કે, જેમ એક નબી પોતાના પછી આવનાર એમના વસીની હર તરહ તરબીયત કરે છે, તૈયાર કરે છે, તાઈદ બખ્શે છે, તે જ તરીકા પર આસ્માન પોતાની તમામ તાકતોથી અને ખઝાનાઓથી પોતાના નીચે જે ઝમીન છે તેને તાઈદ અને તરબીયત બખ્શે છે. એક વસી પોતાના મુઅલ્લિમ, જે નબી છે, એમના સાથે હર મુઆમેલામાં રહે છે. બેવેનો સાથ હોવો ઝરૂરી બને છે. તો જો આસ્માનથી ફૈઝ ઝમીન પર ઉતરતો હોય તો બેવેના ઝર્રાત એકબીજા સાથે મિલવા જ જોઈએ. **આ તરહ ઝમીનના હર ગોશામાં, હર સતેહ પર અને તેના હર ટુકડા પર આસ્માનનો અસર હોય છે અને રહે છે.** આસ્માનના સબબ ઝમીને પોતાના અંદર બેનઝીર ખઝાનાઓ છુપાવેલા છે. જેમ મુશ્કિલકુશા (અ.સ.) નો સીનો મોહંમદી ઈલ્મોનો ખઝાનો હતો.

### ➔ ઝમીન કબર છેઃ

અબજો સાલથી આ ઝમીનમાં લોગો પૈદા થાય છે. વફાત થાય છે. જહાઁ તક કેયામત નહીં આવે પૈદા થાયા કરશે અને વફાત થાયા કરશે. વફાત થયા પછી જિસ્મોનું શું થાય છે? હરએક જિસ્મના ઝર્રા પાછી ઝમીન બની જાય છે. તે જ ઝર્રા માંથી પાછો તે જ ઈન્સાન પૈદા થાય છે. તો આ તમામ ઝમીની ઝર્રાત-કણોનો તઅલ્લુક બેશક આસ્માનના નૂરાની ઝર્રાત સાથે હોય છે.

હાલમાં લોગોની નઝરમાં જે જે જગાઓ ઉપર કબ્રસ્તાનો છે યા મુખ્તલિફ એકલ-દોકલ કબરો છે, તો એમ માની લેવામાં આવે છે કે તે એટલી છે. પણ સૂરતે હાલ કઈ અલગ છે. અબજો સાલથી લોગો આ જ ઝમીન ઉપર દફન થાતા આવા છે યા ધૂલ-રાખના ઝરીએ તે ઝર્રાઓ ઉડી-ઉડીને યા પાનીના ઝરીએ દૂર-દૂર તક ફેલાયેલા છે. એક જ જિસ્મના ઝર્રા સેંકડો કિલોમિટરોના ફાસલા ઉપર પડેલા હોય છે યા ડટાયેલા હોય છે. દૌરોના દૌરો ગુઝરતા જાય છે અને આ જિસ્માની ઝર્રાત કુદરતની મુખ્તલિફ શિકલો ઈખ્તિયાર કરે છે, તાકે તેના ઉપર ખુદાતઆલાની ઈનાયત થાય કે તે ઈન્સાની શિકલ ઈખ્તિયાર કરીને દોબારહ દુનિયામાં પૈદા થાય છે.

### ➔ ઝમીનના વસીલાથી આસ્માન મિલે છેઃ

ઈન્સાન આ ઝમીનનો જ એક હિસ્સો છે, અંગ છે. એટલું છે કે, તેનું જિસ્મ જે વક્ત જાન સાથે હોય છે યાઅની તેની

(બકીયાહ પેજ નં. ૨ પર)

**વરસાદ, ખુદાની રહેમત અને અતા છે.**

(પેજ નં. ૧ નું બાકી)

દુનિયાવી ઝિંદગી હોય છે તો તે ઝમીનના ઉપર રહે છે અને જે વક્ત તેનો જાન તેના જિસ્મથી અલગ થઈ જાય છે તો તે જાન જ્યાંથી આવો હોય છે ત્યાં પાછો ચાલો જાય છે. તો ઝહીનો આકિલ શખ્સના ફિકરો ખયાલમાં એક નુક્તું એ આવે છે કે, આ ઝમીનનું જે હતું તે તો ઝમીનમાં જ રહ્યું ભલે તે ઉપર હોય કે નીચે કબરમાં, પણ જે જાન પહેલા ન હતી અને પછી આવી તેને સાચવવી ઝિયાદહ લાઝિમી બને છે. **જેમ જિસ્મની તાકત-કૂવત વાસ્તે જમન છે તેમ જાનની તાકત-ચોખ્ખાઈ વાસ્તે ઈમામે હક્ક તરફથી ઈલ્મે હક્ક છે.** તો જ તે જાન તેની અસલી જગા પાછો જઈ શકે છે, નહીં તો તે ગુમ્રાહ થઈને આસ્માનો ઝમીન દરમિયાન ભટકતો અને લટકતો રહેશે.

ઝમીનની ખાક, રાખ, માટી, ધૂલ, રેતી યા કોઈ પણ લાકડા, કોલસા, પત્થર કે કપડા, હઝારો-હઝારો સાલથી ઝમીન પર રહેનારા અને તેની સતેહના નીચે છુપાયેલા યા ઉપર ઉડનારા જીવોના જિસ્મોના મલબાથી બનેલા છે. લેહાઝા ઝમીનના હરએક હિસ્સામાં હઝારો જીવના બેશુમાર ઝર્રાત-કણો છુપાયેલા છે. મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની તુરબતે તાહેરહ યાઅની કરબલામાં આપના રૌઝહ તાહેરહની ખાકે શિફા સિવાય ઝબાન પર કોઈ પણ ખાક લેવી હરામ છે. ઝમીનનો હર ટુકડો કબર છે. કોઈ પણ જગા ખાલી નથી જ્યાં કબર ના હોય. આસ્માન પર ચઢવા વાસ્તે ઝમીનમાં તો જાવું જ પડે. **ઝમીનના સાથ થી જ આસ્માનની સૈર-સફર મુમ્કિન છે.** જેના ઉપર કબર બનનાર છે યા જેને મૌત બાદ જિસ્મ સોંપવામાં આવે તે ઝમીનને આસ્માન પર જાવા વાસ્તે વસીલો તો બનાવવી જ પડે. નફસ ચઢે છે અને જિસ્મ પડે છે. આસ્માન એની ચીઝ લઈ લે છે અને ઝમીન એની ચીઝ.

### ➔ આસ્માન, ઝમીનની તરબીયત કરે છે:

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ઝમીનના મમ્સૂલો માલિક છે. ઝમીનના હર ઝર્રામાં આસ્માનનો જલ્વો માઅલૂમ પડે છે, યાઅની અલીએ આઅલામાં રસૂલે ખુદાનો જલ્વો જોવા મિલે છે. આસ્માન તેની બલંદી, રૌનક અને ઝીનતને ઝાહિર કરવા ઝમીનનો સહારો લે છે. **ઝમીન-અલી હોય તો જ ઝમીનવાલા-અલીવાલા તેના ઉપર ફેલાયેલા આસ્માન-રસૂલે ખુદાની અઝમત અને ઊંચાઈનો અંદાઝો લગાવી શકે.** હર શખ્સને ઝમીન-અલીનો સામનો કરવાનો છે. તેના ઉપર રહેવાનું છે અને મૌતનો મઝા ચાખવાનો છે. ઝમીન-અલીનું દામન હર કોઈના વાસ્તે છે. જો તેનું નફસ પાક હશે તો ઝમીન તેને હીરો-કીમતી જૌહર બનાવી દેશે અને જો નાપાક હશે તો તે પત્થર બની જાશે.

આ ઝમીનના હર ઝર્રામાં કબર છે, જગા અને ટુકડો તો બહુ મોટી વાત છે. ખુદાતઆલાનો અપને બેઈન્તેહા શુક્ર કરીએ કે, અપને ખાકી બનાવા, ઝમીનવાલા અને અલીવાલા બનાવા. અપને અલીયુલ મુરતઝા (અ.સ.) ની તાવીલમાં યકીન રાખનાર છીએ તેના સબબ અપનો અકીદો કબરની અઝમત, હુરમત અને બરકત સાથે જોડાયેલો છે. આપ મૌલા આપના મુઅલ્લિમ-મુરબ્બી નબી સાહેબ રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ની શરીઅત, તરીકત, કુરઆની તાઅલીમાત, ઊલૂમ, વિરાસત, હિકમત અને વસીયતની એક આઅલા કબર હતા. યાઅની કે, જે મુજબ કબર પોતાના અંદર જે ચીઝ પોશીદા હોય તેને સાચવીને રાખે છે, તે મુજબ આપ મૌલાએ નબી સાહેબથી હાસિલ થયેલી હર નાનામાં નાની ચીઝને આપના સીનામાં અને આપની આલમાં મહેફૂઝ રાખી, સાચવીને રાખી. આ ચીઝો આપના ઝમાનથી કેયામતના દિન તક આપની મુબારક આલમાં મહેફૂઝ અને સલામત રહેશે.

### ➔ કબર અને મિમ્બર:

નબી સાહેબે ફરમાવું કે, "**મારી કબર અને મારા મિમ્બરને દરમિયાન જન્નતની કિયારીઓ માંથી એક કિયારી છે, બગીચો છે.**" યહાઁ પર કબરનો મફહૂમ આપ મૌલા તરફ ઈશારો કરે છે અને મિમ્બરનો મફહૂમ આપની આલ કે, જે

(બકીયાહ પેજ નં. ૩ પર)

**વરસાદના પાની સાથે બેશુમાર નુફૂસ-જાનો ઝમીનમાં ઉતરે છે.**

(પેજ નં. ૨ નું બાકી)

કેયામતના સાહેબ બનશે તે તરફ ઈશારો કરે છે. આ તમામ નસ્સના સાહેબો જે હક્કના ફાતેમી ઈમામો છે તે જન્નતના બગીચાઓ છે. જે શખ્સ આપ મૌલાની આલના ફાતેમી-તૈયેબી ઈમામોમાં અકીદો રાખે તે જ અપની જમાઅતનો હકીકી મુમિન કહેવાય. અપના ઈમામમુઝઝમાન (અ.સ.) નો અકીદો, અપને આપ મૌલાના વસીલા, મિન્નત, સલવાત અને કબરના અકીદા સાથે વાબિસ્તા કરી દે છે. આ સિવાયના લોગોની ઝિંદગી એવી છે કે, **ઝમીન પર તો છે પણ ઝમીનની હકીકતને પહેચાનતા નથી.** કબર પર જ રહે છે પણ કબર સાથે મોહબ્બત કરતા નથી.

હર આઅલા ચીઝની માઅરેફત રાખનારા લોગો ઓછા હશે મગર જાહિલો ખૂબ ઝિયાદહ હશે. કબરના દુશ્મનોનો પણ એવો જ હિસાબ છે. કબરની દુશ્મની એ વાસ્તે છે કે, તેઓ ખુદ ઝમીન-અલીના દુશ્મન છે. ઝમીન પુકારી-પુકારીને કહે છે કે, "અય જાહિલ! તું મને છોડીને કહાઁ જઈશ? તું તારૂં ઠીકાણું કહાઁ કરીશ? તારી મૌત આવે તે પહેલા તું ખૈર પર ચાલતો થઈ જા. મૌત પછી તુંને કોણ કુબૂલ કરશે?" યહાઁ ખૈરની માઅના આપ મૌલા અલીએ આઅલાની મોહબ્બત અને મવદ્દત છે. આપ મૌલાના વસાયત (વસી) અને વિલાયત (વલી) ના દરજાને તરછોડનાર લોગોના દિલોમાં કબરની ઝિયારતનો શૌક કહાઁથી પૈદા થઈ શકે!

**➔ અપનું કબ્રસ્તાન, દોઆતે હક્કની દૈનઃ**

આપ મૌલાની મોહબ્બતનો એજાઝ-કરામત એ છે કે, આપ મુમિનની કબરોને જન્નતના મહેલ અને બગીચામાં તબ્દીલ કરી દે છે. અપને વિચાર કરીએ કે, જે કબ્રસ્તાનમાં આપના મોહિબ્બો, અલવીઓ, મુમિનોની કબરોનો મજમૂઓ હોય તે જગા પછી જન્નતનું શહેર-બલદતે તૈયેબહ કેમ ના કહેવાય! **ઝરૂર તે કબ્રસ્તાન જન્નતનો જ નઝારો છે.** અપને ઝિક્ર કરીએ કે, વડોદરા શહેરમાં આજથી ત્રણસો સાલ પહેલા ૩૩ માં દાઈએ મુત્લક સૈયેદના મોઅય્યદુદ્દીન હેબતુલ્લાહ બિન સૈ. ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) એ આપના વક્તના હાકિમ પાસેથી પ્રતાપનગરમાં જમાઅતના મુમેનીનને દફન કરવા જે જગા ખરીદીને લીધી હતી તે કબ્રસ્તાન આજે અપના વાસ્તે દોઆતે કિરામની બદૌલત **એક નેઅમતે ઉઝમા છે.** આ મુકદ્દસ અને મુનવ્વર ઝમીનના દોઆતની માલિકીના અહમ દસ્તાવૈઝ દાઅવતે શરીફહના ખઝાનએ આમેરહમાં મૌજૂદ અને મહેફૂઝ છે. દોઆતે કિરામનું જમાઅત પર ખૂબ મોટું અહેસાન છે કે, આ જન્નતુલ મુમેનીન - મુમેનીનની દફનગાહને દોઆતે ખરીદે ત્રણ સદી ગુઝરી ચુકી છે, આ દૌરાન ૧૨ પૌદ-જનેરેશનના મુનેનીન-મુમેનાત દોઆતના વસીલાથી ઈમામુઝઝમાન (અ.સ.) ના નૂરાની પડોશપણમાં આ ઝમીને નૂરાનીમાં પોતાના નફસોની નિશાની છોડીને વસી ચુકેલા છે. આ ફકત કબ્રસ્તાન નથી પણ અહમદાબાદથી વડોદરા હિજરત કીધા બાદ ૩૨ માં દાઈ સૈ. જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબથી ૪૪ માં દાઈ સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ તકના **દોઆતના ઝમાનાના મુમેનીન મરહૂમીનના મજમૂઆ છે.** આ બાબરકત ઝમીનમાં મુમેનીનના જિસ્મો નહીં પણ યાકૂતો મરજાન, અકીકો અલ્માસ સિફત કીમતીમાં કીમતી હીરાની ખાણ છે.

જે વક્ત સૈ. મોઅય્યદુદ્દીન સાહેબે આ ઝમીન ખરીદી તે વક્ત વડોદરા શહેર એટલું મોટું ન હતું. ત્રણ તાલાબ પાર કરીને મુમેનીન આ ઝમીનમાં પોતાના અહલો અકરૂબાને દફનાવવા ચાલતા જાતા હતા. ના ડભોઈ રોડ હતો, ના પ્રતાપનગર રેલવે સ્ટેશન હતું. મોટી કુશાદા ઝમીન હતી અને તરહ-તરહના ફલ-ફૂલના દરખ્તો પૂરી જગામાં મુકદ્દસ મૌલાના ફરમાનથી વાવવામાં આવા હતા. આ જન્નત-સિફત ઝમીનમાં ૩૪ માં દાઈ સૈ. શેહાબુદ્દીન સાહેબે પોતાના આખિરી વક્ત પર વસીયત ફરમાવી કે, આ કબ્રસ્તાનની ઝમીનના છેડા પર આપને દફનાવવામાં આવે અને તે કામ ૩૫ માં દાઈ સૈ. નુરૂદ્દીન સાહેબે ખૂબ બહેતરીથી અંજામ આપું. આનો સબબ એ હતો કે, મુમેનીન આપની ઝિયારત કરવા પધારે તો સાથે-સાથે પૂરા કબ્રસ્તાનની ગશ્ત કરે, પોતાના સગા-વહાલાની ઝિયારત કરે, વફાત થાનારને અલગ-અલગ જગાઓમાં દફનાવે અને આ તરહ પૂરૂં કબ્રસ્તાન આબાદ થાય.

(બકીયાહ પેજ નં. ૪૫૨)

**વરસાદના સબબ ઝમીનમાં નવી રૂહ ફૂંકાય છે.**

(પેજ નં. ૩ નું બાકી)

**➔ કબર પર હમ્લાતઃ**

કબર પર અને કબર વાલા પર સદીઓથી હમલા થાતા આવા છે. આ હમ્લાત આજે અપને જોઈ રહ્યા છીએ અને આ ઝુલ્મ વધતો જાશે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ આપના વસીએ આઅઝમ અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ની વલાયતો મોહબ્બતથી ખારિજ થાનાર આપના દુશ્મનો આપના આલે અત્હરના ઈમામો-દોઆતો-મુમેનીનની કબરો પરના હમ્લાતના ખુલ્લા તરફદારો બની ગયા. **પાકીઝા કબરોને ખોદવામાં આવી, તેના ઉપર કચરો નાખવામાં આવો, લોગો વાસ્તે નજાસત કરવાની જગા બનાવી દેવામાં આવી.** શામની ઉમ્વી સલ્તનતમાં કબરની બેહુરમતી કરવાનો ફિત્નો ઔજ પર પહોંચો પણ મિસિરની અપના ફાતેમી ઈમામોની હુકૂમતના દૌરે મયમૂનમાં જે જે જગાઓ પર કબરો અને મશાહિદ તોડી પાડવામાં આવા હતા તેને બાજાહો જલાલ દોબારહ તાઅમીર કરવામાં આવા.

ઈમામે આલે મોહંમદ (સ.અ.) અને આપના સતરના ઝમાનમાં નાઈબે ઈમામ - દાઈએ હક્કની દુશ્મની ઓઢી લેનાર, મીસાકને તોડી દેનાર અને દાએરએ ઈમાનથી નિકલી જાનાર ખારિજીઓ હર વક્ત મૌજૂદ જ હોય છે. કબર અને મગફેરતના આઅમાલ, ઝિયારત, ફાતેહા અને વસીલાના જાની દુશ્મન હોય છે. મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારતે મુકદ્દસહ અને માતમનો ઈન્કાર કરનાર અને અપના દોઆતે હક્કની કબરો પર ના આવનાર ખારિજીઓ જૂઠ-બનાવટ કરીને અલવી હોવાનો ઢોંગ કરીને, ફક્ત નામના અપની મસ્જિદોમાં આંટા મારીને **અપની અલવી મિલકતોનો ગૈર-ઈસ્તેમાલ કરી રહ્યા છે.** અલવી જમાઅતના મુમેનીન તે જ છે જે મૌ. આદમ સફીયુદ્દીન (અ.સ.) થી હાલના દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની વલાયતમાં અને ફરમાનોમાં માને છે.

**➔ ખારિજીઓની બેબસીઃ**

અપના દોઆતે ખરીદેલા કબ્રસ્તાનમાં આ ખારિજીઓ અવર-જવર કરે છે. મુમેનીન ઈન્તેકાલ કરે છે તો હાઝિરી પુરાવવા, મૂઁહ બતાવવા ભુલા-ભટકા આવી જાય છે. તેઓના ચહેરા જહન્નમી જેવા બેનૂર થઈ ચુકા છે. મુમેનીન દરમિયાન સનમ જેવા પત્થર લાગે છે. જેઓ કબરમાં જ ના માને તે પછી અપના કબ્રસ્તાનમાં શું કામ આવે? જેઓ અપની જમાઅતને ગાલો આપતા હોય, અપની નમાઝમાં ના માનતા હોય, તેઓ અપના મરહૂમોની મગફેરત વાસ્તે કબરો પર શું કામ આવે? તેઓ ના ફાતેહામાં માને છે, ના દોઆએ મગફેરતમાં માને છે, ના વસીલો લેવામાં માને છે, તો પછી અપના કબ્રસ્તાનમાં શું કામ દાખિલ થાય? કબરોની ઝિયારત તો કરતા નથી તો પછી કબર નઝદીક આવીને શું કામ ઊભા રહે છે? અફસોસ છે, એવા ખારિજીઓ પર કે પોતે કોણ છે, તેની તેઓને ખુદ જ ખબર નથી.

તેઓનું મરવું મુસીબત અને આફત છે. તેઓની નફસને આસ્માન કુબૂલ કરતું નથી. તેઓ શયતાન-પલીદના ગિરોહમાં જઈને મિલે છે. **તેઓની સોહબત અને વાતચીત જહન્નમના શોઅલા મુજબ છે, તેઓ સાથેનો વેપાર અને વહેવાર નુકસાનદેહ અને કાબિલે તરદીદ છે.** તેઓ પોતાનું ખારજીપણું દેખાડવામાં ચુકતા નથી, અપની જમાઅતની રૂસૂમાતનો ઈન્કાર કરવામાં કોઈ મૌકો છોડતા નથી, જેમકે મોહર્રમની મજલિસો માતમ હોય, અહલુલ બૈત (અ.સ.) ના ઉર્સની ઝિક્રની મજલિસો હોય, દોઆતે હક્કની ઝિયારત હોય, અલગ-અલગ મૌકાઓ પર અને તહેવારોમાં અપના ઘરમાં પકાવવામાં આવતા પકવાનો હોય, અપના મરહૂમોના ફાતેહાના જમન હોય, અપની ઈદ હોય, અપના રમઝાન હોય, અય્યામુલ બીઝ યા ઈદે ગદીરે ખુમ્મ હોય વગૈરા. હદ તો એ છે કે, ટ્રસ્ટના ખારિજીઓના સબબ આ વટલાયેલા લોગોના ઘરમાં કોઈ મરે છે તો પછી તેઓને સૈ. મોઅય્યદુદ્દીન સાહેબનું કબ્રસ્તાન કેમ યાદ આવે છે? પોતાના મુર્દાઓને દફનાવવા અપની મિલકતોમાં ઘુસણખોરી કરે છે. બીજાની ઝમીન હડપી લે છે. અપની હક્કની જમાઅતને છોડીને જે કૌમને તેઓએ પસંદ કીધેલી છે, તેના કબ્રસ્તાનમાં જઈને મરેલાઓને કેમ દફન નથી કરતા? ગુમ્રાહીથી જીવે તો

(બકીયાહ પેજ નં. ૫ પર)

**આસ્માનના અસરાત વાદલોમાં ઉતરે છે અને તે પાનીના ઝરીએ ઝમીન ઉપર નાઝિલ થાય છે.**

(પેજ નં. ૪ નું બાકી)

બીજી મસ્જિદોના ચક્કર કાપે અને ગુમ્રાહીથી મરે તો અપના કબ્રસ્તાનના ચક્કર કાપે!!!

આનાથી સાબિત થાય છે કે, આવા ખારિજીઓનું કોઈ મઝહબ હોતું નથી. **પોતે તો અલવી મિટી ગયા મગર બીજાના પણ ના થઈ શકા.** જે અપની અલવીયતને છોડી દે તે પોતાના જિન્સથી હાથ ધોઈ બેસે છે. તેનામાં નપૂસકતા આવી જાય છે. પછી ના તે મરદ કહેવાશે ના બૈરો કહેવાશે. આવા ખારિજીઓ મઝહબનો ઢોંગ કીધા સિવાય બીજું કઈ કરી શકતા નથી. જો અગર તેઓમાં થોડી પણ ગૈરત-શરમ બાકી હોય તો જે જમાઅતને છોડીને ગયા હોય તેના તરફ પાછા ફિરીને કોઈ વક્ત જોવું ના જોઈએ. ને જો આમ ના થાય તો સમઝી લેવું જોઈએ કે, તેને ખુદની ઝાત પર યકીન નથી અને તે ખુદને ધોકો આપી રહ્યા છે. જો અલવી બનીને રહેવું હોય તો પૂરેપૂરા અલવી બનીને રહો અને જો ના રહેવું હોય તો તે પૂરે પૂરા જમાઅત છોડીને પોતાનો મનપસંદ મઝહબ-મસ્લક પસંદ કરી શકે છે. તેને પૂરી આઝાદી છે. **જે પોતાની જમાઅતને ના સમઝી શકો તે બીજાને શું સમઝવાનો છે!** પોતાના ઘરમાં ખઝાનાઓ છે તે તેને ખબર નથી અને બીજાના ઘરમાં જઈને ખઝાના ઢુંઢવા નિકલી પડેલા છે. અગર તેને જોવું જ હોય તો બેવે આઁખો ખોલીને જોઇ, યા ના જોવું હોય તો બેવે આઁખોંને બંધ કરી દે, મગર એક આઁખથી કાણો બનીને તો ના જ જોવું જોઈએ.

### ➔ કઈ કબર બાગ છે અને કઈ ખાડો છેઃ

મુમેનીનની કબર **"રૌઝતુમ્મિન રિયાઝિલ જન્નહ"** બને છે, યાઅની જન્નતના બાગોનો એક બાગ, જે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની વલાયત-મોહબ્બતના સબબ બને છે. મુનાફેકીન-કાફેરીન યા ખારિજીની કબર **"હુફ્રતુમ્મિન હોફેરિન્નાર"** બને છે, યાઅની જહન્નમના ખાડાઓનો એક ખાડો, જે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતમાં ઈન્કાર કરવાના સબબ બને છે. ઝમીન એક જ હોય છે પણ કબરમાં દફન થાનારના આઅમાલની કૈફીયત મુજબ તેની કબરના હાલાત બને છે. કબરથી કેયામત તકના હાલાત ગૈબ છે, પૌશીદહ છે, લેહાઝા હક્કની દાઅવતના મુમેનીન આ ગૈબની ચીઝોથી વાકિફ છે, મગર ખારિજીઓ આનાથી જાહિલ અને ગાફિલ હોવાના સબબ તેના કુફ્ર અને ઈન્કારમાં ઔર ઈઝાફો થાય છે. કબર, ઈમાન અને કુફ્રને વાસ્તે ભારી ઈમ્તેહાન છે.

બાગમાં જઈએ તો દિલને સુકૂન હાસિલ થાય, ઈત્મેનાન-કરારનો અહેસાસ થાય. મુમેનીનની કબરો પણ દારે કરાર-કરારનું ઘર બની જાય છે. આ ફાની દુનિયામાં ઈન્સાનની આખિરી મંઝિલ તેની કબર જો ખુદ બાગ બની જાય તો એમ કહેવાય કે, તેને મોટામાં મોટી નેઅમત-દૌલત હાથ લાગી ગઈ. ખાડો તે ખાડો જ છે. કોઈને ખાડામાં પડવાનું પસંદ ના આવે. જો કોઈ બદબખ્તની કબર ખાડો બની જાય તો ગમે તેટલા ખૈર આઅમાલ તેએ કીધા હોય તે તમામ ધૂલ થઈને હવામાં ઉડીને ગાઈબ થઈ જાય. દુનિયામાં તેનો ફેરો નકામો અને ઝાયેઅ થઈ જાય. તમામ દૌલત, લાઅનતમાં તબ્દીલ થઈ જાય. દાઈયુઝ્ઝમાન સૈ. હાતિમ ઝકીયુદીન સાહેબ (ત.ઉ.શ.) નું દામને પાકીઝા અપના હાથમાં છે, તો યા રબ્બલ આલમીન, આ જ ફઝલથી અપની કબર બાગ બનાવજો અને આખેરતમાં જન્નતના બાગોમાં સૈર કરાવજો.

**"ઈન્નલ અબરારા લફી નઈમિન"** ☆

(પેજ નં. ૧૫ નું બાકી)

૫) તમે તમારૂં કામ પૂરી પુખ્તગી અને પાક નિય્યતથી અદા કરો. ખુદાતઆલાની નઝરમાં જે ખૈર છે અને તે વાસ્તે તેએ તમને હુકમ પણ કીધેલો છે, તો પછી બીજા ઈલ્ઝામ લગાવનાર, રૂકાવટો ઊભી કરનાર, તમારા પર શક કરનારની ઝબાન પર ના જાવ. **બીજાને જે બોલવું હોય તે બોલવા દો** મગર તમે એવું દિલ લગાવીને કામ કરો અને તેને ઈખ્તેતામ કરો કે, હાસિદોના મૂઁહ કાલા થઈ જાય.

૬) તમે તમારી ગુફતગૂમાં આ કૌલ, **"લા હૌલા વલા કૂવતા ઈલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ"** ને એવી તરહ ગૂંઠી લો કે, તેની વિર્દ કોઈ વાર તમારી ઝબાનથી ના ભુલાય. તમને જન્નતના ખઝાનાઓ જો હાસિલ કરવા હોય તો આ તસ્બીહને પઢા કરજો, તમને એમ શક હોય કે, સામેવાલો તમારા કૌલને, તમારી વાતને કુબૂલ કરશે કે નહીં, તમારૂં દિલ બેકરાર હોય તો આ તસ્બીહ પઢીને ગુફતગૂ ઈબ્તેદા કરજો. ખુદાતઆલા ઝરૂર તમને કામિયાબી આપશે.☆

**વરસાદ મુજબ નબીની તાઈદ વસીમાં ઉતરે છે.**

## મિક્ષ જનરેશન

**અપની હી કરની કા ફલ હે નેકીયાઁ-રૂસ્વાઈયાઁ,**
**આપકે પીછે ચલેગી આપકી પરછાઈયાઁ.**

અઝીઝાને ગિરામી, મિશ્કાતુલ હાદીની મહેક, ચહેક અને લહેક દીનદારોના ઝમીરમાં હિદાયત-રહેમતનો વરસાદ લાવીને, ગુનાહોને ધોઈ રહી છે, જે ઘણી ફરહત-ખુશીની બિના છે. હાલ રમઝાનુલ મુઅઝઝમ ગુઝરા જેમાં મુમેનીન-મુખ્લેસીનથી અપની મસ્જિદો પુર હતી, રોઝદારોને ખુદાતઆલાની ખુશનૂદી હાસિલ કરવાની અજબ લૌ-લગન હતી. આ સુનેહરા નૂરાની અવસરનો હર લેહાઝથી ફાયદો ઉઠાવીને, અલી-અલીની પુકાર કરીને, આકા મૌલા સાથે નમાઝો પઢીને, હર બલાઓને, તકલીફોને, મુસીબતોને દૂર કરી દેવાની ઈલ્તેજા અને આજિઝી સાથે જાણે જમાઅતના મુમેનીનમાં એક દીની સૈલાબ આવું હતું. ખુદાતઆલા મુમેનીનને આ જ મુજબ દીનો દુનિયાના ખૈર પર સાબિત રાખે.

મગર ખબરદાર, હુશિયાર રહેવાની ઘડી, પલ અને વક્ત પણ સાથે સાથે જ ગુઝરી રહ્યો છે. મુમેનીન, સોચ માંગી લે છે કે, "સોનાની થાલીમાં લોખંડની ખીલી, શોભે? જવાબ હશે, ના. બહેતરી યા બદતરી એક સાથે હોઈ શકે? જવાબ હશે, ના. નમાઝી યા શરાબી એક સાથે બેસી શકે? જવાબ હશે, ના. **બેવે જુદા છે, રસ્તા અલગ છે અને બેવેની બુનિયાદ મુખ્તલિફ છે.** પારકી કૌમની દીકરીઓ જે અપની કૌમના મજબૂર દીકરાઓને સાથે શાદી કરે છે અને અપની જમાઅતના રસ્મો રિવાજને કુબૂલ કરતી નથી અને દગાબાઝી કરીને પોતાના અસલ દીન અને મસ્લકને છોડતી નથી,તે ઘરનો આ હાલ છે.

આમદમ બર સરે મકસદ, એ જ કે અપની જમાઅત, અપની કૌમ, અપની મિલ્લતનો જે શીરાઝો, નિઝામ અને બંદિશ છે તે તસ્બીહના દાનાઓની જેમ અલવીયતના ધાગામાં લડીબંદ એક સાથે પિરોવાયેલા છે કે, જેમાં ઢીલાશ પડવાના અને ધાગો તૂટીને દાના વિખેરાઈ જાવાના આસાર નઝર આવી રહ્યા છે. હોશમંદ મુમેનીન અને અપના જવાનોંની સોચ એવી હોવી જોઈએ કે, **અપનો હાલનો ગલત કદમ, ગલત રાહ કે ભૂલ ભરેલો ફેસલો,** આવનારા ૨૫ વરસ પછી અપની આવનારી નસલ, પૌદ વાસ્તે કેટલો નુકસાનદેહ, અફસોસ-નાક કે પુરખતર સાબિત થઈ શકે છે!

જમાઅતના સુલગતા સવાલોંમાં નિસ્બત-મૂઁહમીઠા (દીકરા-દીકરીઓની એન્ગેજમેન્ટ) માં ગૈરઝરૂરી તાખીર, નુક્સ-ઐબ-ખાંચખૂંચ ઢુંઢવામાં કીમતી વક્તને બરબાદ કરવો, ખુલાસાઓના ખુલાસાઓના ખુલાસાઓમાં વાતને ચૂંથી નાખવી, વાયા-વાયા કરીને હકીકતથી દૂર બેબુનિયાદ વાતો પર ભરોસો કરી લઈને તરત અમલ કરવો. આ બધી ચીઝ નાદાની છે અને નામાઅકૂલ રવૈયો છે.

જમાઅતમાં હાલ દીકરાને દીકરી અને દીકરીને દીકરો "મરઝી મુજબ" યા "સહી ઉંમર" પર ના મિલવાથી તેમની નઝર ગૈરકૌમ પર જાય છે. આમાંથી ચંદ લોગો કુંવારા રહેવાનું પસંદ કરે છે, જે અપની શરીઅત મુતાબિક મુનાસિબ નથી. એ પણ મુનાસિબ નથી કે મુમિન કે મુમેનાહ સિવાય કોઈ ગૈર સાથે તઅલ્લુકાત બંધાય. ગૈરકૌમનું કલ્ચર, તૌર-તરીકો, બોલ-ચાલ, રહેની-કરની, સોચ-સમઝ, રસ્મો-રિવાજ, અવર-જવર, રિશ્તા-તઅલ્લુકાત, તાઅલીમો-તરબીયત બિલકુલ અપનાથી મુખ્તલિફ હોય છે. કોઈ પણ મોડ પર અપનો અને બીજાનો મિલાપ થાવાનો નથી. અપને ઠંડું મીઠું પાની છીએ અને બીજા ગરમ ઉકલતું પાની છે. હાઁ, પણ એક ચીઝની ઝિક્ર કાબિલે મૌકા છે કે, જે ગૈરકૌમની **દીકરીઓ નેક નિય્યતથી, સાફ દિલથી, પૂરા ઈખ્લાસથી અને અપની હક્કાનીયત પર યકીન રાખીને** અપના દીકરાઓ સાથે નિકાહ કરીને અપની જમાઅતમાં દાખિલ થયેલી છે, તેઓએ આજ તક પોતાની પાછલી ઝિંદગી યા દીન તરફ જોયું નથી. તમામ ચીઝને ભુલીને એક નવી ઝિંદગી શુરૂ કરવા અપની જમાઅતમાં આવેલા છે અને આજે અપના બનીને રહી રહ્યા છે. તે ઘર ખૂબ ખુશકિસ્મત છે કે, જેમાં આવી દીકરીઓ આવી છે, પણ તેની તાઅદાદ ખૂબ કમ છે. ૨૦% દીકરીઓ જ આ મુજબ અમલ કરે છે.

સાહેબે દાઅવત આ ઝિમ્નમાં, આ બાબતમાં ઘણા ફિકરમંદ અને કૌશાં છે. આ વાસ્તે એક અંજુમન તયશુદા છે, જે હર રવિવારે નૂરાની મસ્જિદ ખાતે નિસ્બતના સિલસિલામાં હર મુમ્કિન તદબીર કરી રહી છે. મગર જમાઅતના લોગો તરફથી (બકીયાહ પેજ નં. ૭પર)

**ઝમીન પર રહેનારી મખ્લૂક વરસાદના સબબ ઝિંદા રહે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

આ બાબતમાં તઆવુન, કોઓપરેશન અને સાથની કમી, બેરૂખી અને ગફલત તેમજ ખાસ કરીને સખ્ત નિઝામ અને સમાજી પકડ ના હોવાથી સમર-આમદ અને ફાયદાકુન નતીજા સામે આવતા નથી. **વાલેદૈનની ઝિદ અને "ના" કહી દેવાની ખરાબ આદતના સબબ નિસ્બત ના થાવાનું કેન્સર જમાઅતમાં વધારે ઝૌર પકડી રહ્યું છે.** આના સબબ જમાઅતનો એક તબકો મિક્ષ કલ્ચરનો ઊભો થઈ રહ્યો છે અને આવી શાદીઓથી થાનાર બચ્ચાઓ અને નવી પૌદની તાઅલીમો તરબીયત પર સવાલીયહ નિશાન ઊભો થઈ રહ્યો છે!

જે ઘરમાં, જે સમાજમાં, જે માહૌલમાં, જે જવાનોમાં "**અલવીયત**" ની ઝલક ના હોય તે ઘરમાં સોનું વરસતું હોય તો પણ તેનો કોઈ મતલબ નથી! મગરિબી માહૌલ, ઉરયાની-તંગ લિબાસી, અપની બોલચાલ અને રસ્મો રિવાજથી કૌસો દૂર, અઈમ્મત-દોઆતની તવારીખથી અંજાન, મોટા-બુઝુર્ગોનો એહતેરામ કરવામાં નાનમપણું, મસ્જિદ, ઈબાદત અને મજલિસને હલકી ગિનવી, લેટ નાઈટ તક બાહર ફિરવું, ગમે તે જગા પર તોછડા લિબાસમાં બેહુદા વાતોમાં વક્ત બિગાડવો, દોસ્તો સાથે ગૈર વક્ત પર ગૈર જગા પર મહેરમ-ગૈરમહેરમનો ખયાલ કીધા બગૈર અને શરમાવે એવી હરકતો કરવી, જો આ જ તરક્કી અને મોર્ડનીટી કહેવામાં આવતી હોય તો, લાઅનત છે એવા કલ્ચર, અખ્લાક અને મગરીબીયત પર, ફિટકાર છે આવી સોહબત પર, ઝિલ્લત છે આવી તહેઝીબ અને તરબીયત પર.

અપનાપન અને પરાયાપનમાં કામિયાબી અપનાપનની જ છે. **અપનું તે અપનું જ છે. સોનું એ સોનું જ છે.** બીજી સઘલી ચીઝો ઈમીટેશન છે, ઉપરી ખૂબસૂરતી છે, કાગઝી ફૂલ છે, સોડા-વોટરનો જોશ છે, વક્તી તમાશો છે, બનાવટી સલામો છે અને મતલબી કલામો છે. ગૈર કૌમની જે દીકરીઓ આવી હોય તેની ઈમ્તેહાન તે વક્ત થાય કે, ખુશી-સહેલાય-તવંગરીમાં સાથે હોય મગર બીમારીમાં, મુસીબતમાં, પરૈશાનીમાં, ગમીમાં, મોહતાજગીમાં કૌન કોને, કિવારે, કઈ હાલતમાં છોડીને નૌ-દો-ગિયારહ થઈ જાય, તેનો અંદાઝો નિકાલવો મુશ્કિલ બની જાય છે. નવી-નવેલી દુલ્હન તો સોના જેવી લાગે છે, જામે મોહબ્બત ભરેલા હોય છે, મગર જેમ ઝમાનો ગુઝરે છે તેમ તે તેનો રંગ બતાવે છે, સોના જેવી દેખાતી પીતલ નિકલે છે અને જામે મોહબ્બત બદલાઈને ઝહેરની કડવી કદેહ બની જાય છે. પછી, ઘરના લોગોના દામનમાં અફસોસ અને નદામત સિવાય કઈ જ બાકી રહેતું નથી.

જમાઅતના પઢેલા-ગણેલા, સંજીદા-આકિલ મુમેનીન વાસ્તે હવે આ બાબતમાં ગહેરાઈથી અને સીરીયસલી સોચવાનો અને કોઈ ઠોસ-મઝબૂત કદમ ઉઠાવવાનો વક્ત આવી ગયો છે. જે વાસ્તે ઈશારા અને હિદાયત સાહેબે દાઅવત આપના અકસર બયાનમાં આ મુદ્દાસર ફરમાવે છે અને તે વાસ્તે મુમેનીનને ફિકરમંદ થાવાનું કહે છે. જે મુમેનીન અપની જમાઅતની બંદિશ અને કાયદા-કાનૂન મુજબ અમલ કરે છે, **અપની કૌમની ઈઝ્ઝત, ઈન્ફેરાદીયત, તહારતને ઓલખે છે,** અપના ઘરેલું નિઝામની પરખ રાખે છે, તેઓ વક્ત ઝાયેઅ કીધા બગૈર પોતાની દીકરા-દીકરીની નિસ્બત ખુશી-ખુશી કરી દે છે. વધારે નાઝ-નખરા કરતા નથી. અપના અને પરાયામાં શું ફરક છે, તેની તમીઝ રાખવાના સબબ તે મુમેનીન પર-કૌમના કોઈ પણ રિશ્તા પર એતેમાદ રાખતા નથી. આનાથી બર-અક્સ જેઓ જાણી-જોઈને પોતાની ઔલાદને છાપરે ચઢાવી દે છે, આઝાદ છોડી મુકે છે, મનમાની કરવાની આદત નાંખી દે છે, તેઓનું મુસ્તકબિલ સમાજ અને મઝહબના રૂએ ખૂબ કડવું બની જાય છે. **તે ઘર અપના સમાજમાં પોતાની શનાખ્ત ગુમાવી બેસે છે.** ગૈર-કૌમની છોકરીઓ તેના ઘર પર કબ્ઝો જમાવી દે છે અને તેની છોકરીઓ ગૈર-કૌમમાં જઈને પોતાની આખેરત અને અલવીયત બિગાડી દે છે. આવા લોગો જે સમાજ પર મિક્ષ કલ્ચરનો રંગ ચઢાવી રહ્યા છે તેના સામે સાહેબે દાઅવતની લાલ આઁખ, તન્બીહ અને તેને સખ્ત ટકોર કરવામાં આવી રહી છે. આપ સાહેબ એવા ખાનદાનના મોટાઓને બોલાવીને આ મોર્ડન ઝમાનાની ખરાબીના બદ અસરાતથી આગાહ કરી રહ્યા છે.

ખુદાતઆલાએ યારી આપતા ઘણા મુમેનીન સાહેબે દાઅવતની ફિકરો હિદાયત પર અમલ કરીને ઝિલ્લત અને શરમિંદગી ભરી ઝિંદગીથી પાછા ફિરી ગયા છે. મગર કૌમના જવાન દીકરા-દીકરી જે આજે કોલેજોમાં તાઅલીમ લઈ રહ્યા છે

(બકીયાહ પેજ નં.૧૦પર)

**હર લીલી-સૂકી ચીઝ વરસાદના લીધે તેની શિકલો સૂરત બદલે છે.**

## મુબારકબાદ



આ સાલ શહરૂલ્લાહિલ હરામના પૂરા મહીનાના રોઝા તકરીબન ૩૦ જેટલા બચ્ચાઓએ કરેલા છે. આ બચ્ચાઓનો મીસાક આઈંદા સાલોમાં લેવાશે. મગર આટલી શદીદ ગરમીની મૌસમમાં તેઓએ પૂરા મહીનાના રોઝા રાખીને ઘણું જ અઝીમ કામ કીધું છે. ખુદાતઆલા તમામને પોતાની રહેમતના સાયામાં દાખિલ કરે. આ જ મુજબની દીનદારીનો હોંસલો અને વલવલો ખુદાતઆલા હમારા નૌનિહાલોને બખ્શે. મદ્રસએ તૈયેબીયહ તરફથી આ બચ્ચાઓનો ઈસ્તિકબાલ કરવામાં આવો હતો, તેની તસ્વીર હમેં પૈશ કરીએ છીએ. ✪




**હસનઅલી અબ્બાસઅલી લોખંડવાલા,** એ આ સાલ રજબુલ મુરજ્જબમાં સાડા ચાર સાલની કલીલ ઉંમરે સવા લાખ મોતીનું રોઝું રાખેલું છે. હમેં ઈદારા તરફથી આ ફરઝંદને મુબારકબાદી આપીએ છીએ. ✪



**હસનઅલી ઝયનુલઆબેદીન વાસણવાલા,** ૬ સાલના દીકરાએ શહરૂલ્લાહિલ હરામના પૂરા મહીનાના રોઝા રાખેલા છે. ઈદારા તરફથી આ ફરઝંદને મુબારકબાદી આપીએ છીએ. ✪

## લફ્ઝી કશ-મ-કશ



**✷ ઉભી તરકીબ :**

૧) હમને હમારી જમાઅતની હક્કાનીયત પર ______ છે. (૨)

૨) કબરમાં હમારા સાથે અમલે સાલેહ જેવો દોસ્ત હશે, તો ઝરૂર ઉન્સત થાશે. ઉન્સત આપનાર દોસ્તને શું કહેવાય? (૩)

૩) મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) ના માઁ સાહેબાનું શું નામ છે? (૩)

૭) દરખ્ત પર ______ લાગતા વાર લાગે, તેમ કોશિશ બાદ કામિયાબ થાતા વાર લાગે. (૨)

**✷ આડી તરકીબ :**


૨) બકરા ઈદને ઈદુલ ______ કહેવાય છે. (૩)

૪) ______ શખ્સ દિલથી હોય છે દૌલતથી નહીં. (૨)

૫) ______ થી તમેં આવા છો વહાઁ પાછું જાવાનું છે. (૨)

૬) ______ પર પડેલા જમનના દાણા ઉચકીને જમી જાવા જોઈએ. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝીલ્હજ્જ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**વરસાદનું પાની નદીઓ-દરીયાઓને ચાલતા રાખે છે.**

## દરસે લેસાનુદ્દાઅવત

حطّة يعنى سوں؟ الله تعالى يه مولانا موسى كليم الله نے كنعان نى زمين بتاوى انے فرماوو كه، آ ملك بنى اسرائيل نے ملسے انے تيؤ أريحا شهر نے فتح كرسے، تو اهنے كهو كه، يه شهر ما فاتحانه انداز سى داخل تهائى۔ بالكل غرور نه كرے بلكه حطّة كهتا هوا، توبه كرتا هوا، سجده ديتا هوا داخل تهائى۔ عاجزى انے انكسارى ساتهے تيمج توبه انے استغفار ساتهے داخل تهائى، مگر يه لوگو يه نافرمانى كيدى، غرور انے تكبرى كيدى تو عذاب ما گرفتار تهيا۔ مولانا على امير المؤمنين عليه السلام نى باطنى دعوة ما داخل تهانار نے يه ج موجب حكم چهے۔

صلٰوة الاستسقاء: دكال پڑے انے آسمان سى پانى نه ورسے ته وقت پانى طلبى نى دعاء انے نماز اداء كروى جوئيه۔ موسى نبى يه اپنى قوم واسطے پانى طلب كيدو هتو انے آپنى التجاء نے قبول كرينے الله يه پانى ورساوو هتو۔ مولانا امام جعفر الصادق ع م فرماوے چهے كه، رسول الله صلى الله عليه و آله وسلم يه عيدگاه ما جئى نے استسقاء يعنى كه پانى طلب كروانى نماز اداء كيدى۔ آ نماز كهلا ميدان ما پڑهواما آوے انے نهايت تمكن، خشوع انے خضوع ساتهے الله نى حضرت ما سائل بنينے امام نكلے انے مؤمنين بهى نكلے۔ صلٰوة الاستسقاء نى نماز بيوے عيد نى نماز نى مثل چهے۔ امام بے ركعة نماز پڑهاوے جه ما عيد نى نماز موجب تكبيرة بولے، ته پچهى مصلّى پر ذره بيسے ته پچهى اٹهى نے رداء نے پهراوے، جمنا كهبا نا چهيرا نے ڈابا كهبا پر انے ڈابا كهبا نا چهيرا نے جمنا كهبا پر لے، ايم كروو سنة چهے۔ رسول الله انے على اعلى يه پن آ مثل عمل كيدو چهے۔ ته پچهى بلند آواز سى الله اكبر، دعاء، تسبيح، تهليل نا ساتهے پانى طلب كرے۔ قبله رو تهئى نے انے جمنى ڈابى طرف پهرى نے تكبيراؤ بولے۔ مؤمنين نے پند و نصيحت كرے۔ افضل يه چهے كه، سوموارے آ نماز اداء كرے، آ نماز ما اذان يا اقامت نتهى۔

✵ **"હિત્તહ" શું છે?** અલ્લાહતઆલાએ મૌલાના મૂસા કલીમુલ્લાહને કિન્આનની ઝમીન બતાવી અને ફરમાવું કે, આ મુલ્ક બની ઈસ્રાઈલને મિલસે અને તેઓ ઊરૈહા શહેરને ફતેહ કરસે, તો એને કહો કે, એ શહેરમાં ફાતેહાના અંદાઝ સી દાખિલ થાય. બિલકુલ ગુરૂર ના કરે બલ્કે હિત્તહ કહેતા હુવા, તૌબા કરતા હુવા, સજદા દેતા હુવા દાખિલ થાય. આજિઝી અને ઈન્કેસારી સાથે તેમજ તૌબા અને ઈસ્તિગફાર સાથે દાખિલ થાય મગર એ લોગોએ નાફરમાની કીધી, ગુરૂર-તકબ્બુરી કીધી તો અઝાબમાં ગિરફતાર થયા. મૌલાના અલી (અ.સ.) ની બાતિની દાઅવતમાં દાખિલ થાનાર ને એ જ મુજબ હુકમ છે.

✵ **સલાતુલ ઈસ્તિસકા :** દુકાલ પડે અને આસ્માન સી પાની ના વરસે તે વક્ત પાની તલબીની દોઆ અને નમાઝ અદા કરવી જોઈએ. મૂસા નબીએ આપની કૌમ વાસ્તે પાની તલબ કીધું હતું અને આપની ઈલ્તેજાને કુબૂલ કરીને અલ્લાહએ પાની વરસાવું હતું. મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઈદગાહમાં જઈને સલાતુલ ઈસ્તિસકા યાઅની પાની તલબ કરવાની નમાઝ અદા કીધી. આ નમાઝ ખુલ્લા મૈદાનમાં પઢવામાં આવે અને નિહાયત તમક્કુન, ખુશૂઅ અને ખુઝૂઅ સાથે અલ્લાહની હઝરતમાં ઈમામ સાઈલ બનીને નિકલે અને મુમેનીન ભી નિકલે. (બકીયાહ પેજ નં. ૧૦૫૨)

**વરસાદનું પાની ઈલ્મ મુજબ છે, પાકીઝા જગા પર ઠહેરૂં તો કામનું, નહીં તો નકમ્મું.**

(પેજ નં. ૭ નું બાકી)

યા જોબ કરી રહ્યા છે, તેઓ મોબાઈલ-ઈન્ટરનેટ-એપ્સ-મલ્ટીમીડીયાના કલ્ચરના નવા દૌરમાં ગૈર-ઝરૂરી, ફહેશ અને શયતાની ચીઝોમાં પોતાનો વક્ત, એનરજી, હુનર અને ઝિંદગી બરબાદ કરી રહ્યા છે, વરસોથી સાચવી રાખેલી માઁ-બાપની ઈઝઝતને બટ્ટો લગાડી રહ્યા છે. આ ચીઝની રોકથામ વાસ્તે ઘરનો નીજી માહૌલ સુધારવાની અઝહદ ઝરૂરત છે, **જેમાં એકબીજા સાથે ગુફ્તગૂ હોય, હમદર્દી હોય, તકલીફો અને ઉમ્મીદોને સમઝવાની રાહ હોય,** ઈખ્લાસ સાથે ઘરની ઝિમ્મેદારીઓ પોત-પોતાની રીતે નિભાવવાની ઉમંગ હોય. પરહૈઝગાર અને જવાબદાર જવાનો આ નુક્તાને બહેતર રીતે સમઝી શકે છે.

હઝરતે ઈલાહીયહમાં અપને દોઆગો થઈએ કે, અપની જમાઅતમાં નિસ્બતમાં તાખીર થાવાનો, રિશ્તાઓ ના જોડાવવાનો અને ગૈર-કૌમની દીકરીને લઈ આવવાનો બુરો સમા જે બંધાયો છે, તે મિટે અને અપનો અલવી-તૈયેબી સમાજ સલામત રહે. હર અલવી દીકરા-દીકરીને અપની જ જમાઅતનો રિશ્તો મિલે એવી નૈક ઉમ્મીદ સાથે અપના સરો પર સાયએ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) કાઈમ-દાઈમ રહે.

દિલ વો ક્યા દિલ, ન હો જિસ દિલ મેં ઉલ્ફત કૌમ કી, આદમી વો ક્યા ન સમઝે જો ઝરૂરત કૌમ કી.
આદમીયત કા તકાઝા હે બને શૈદાએ કૌમ, દિલ કી રગ-રગ મેં કરે પૈદા મોહબ્બત કૌમ કી.
ફૂલ તું મિલ્લત કા હે, મિલ્લત કી ખુશ્બૂ કર અયાઁ, ફિર પરેશાં કર ગુલિસ્તાં ભર મેં નુગ્હત કૌમ કી.
બેઅદબ સે બાઅદબ બનકર દિખાના હે તુઝે, પાસબાં બનકર મિટાની હે જેહાલત કૌમ કી.
કૌમ મેં ફૈલી હુઈ બીમારીયોં કા હો ઈલાજ, સાથ મિલકર પૂરી કરની હે યે ખિદમત કૌમ કી.
મશ્વરા "અલવી" કા હે ઉઠ અય જવાઁ ચલ રાહ નૈક, તું નબીરા કૌમ કા હે, ઔર અમાનત કૌમ કી. ✫

---

(પેજ નં. ૯ નું બાકી)

સલાતુલ ઈસ્તિસકાની નમાઝ બેવે ઈદની નમાઝની મિસિલ છે. ઈમામ બે રકઅત નમાઝ પઢાવે જેમાં ઈદની નમાઝ મુજબ તકબીરા બોલે તે પછી મસલ્લા પર ઝરા બેસે તે પછી ઉઠીને રિદા ને ફિરાવે, જમના ખભાના છેડાને ડાબા ખભા પર અને ડાબા ખભાના છેડાને જમના ખભા પર લે, એમ કરવું સુન્નત છે. રસૂલુલ્લાહ અને અલીએ આઅલા એ પણ આ મિસિલ અમલ કીધો છે. તે પછી બલંદ આવાઝ સી અલ્લાહો અકબર, દોઆ, તસ્બીહ, તહેલીલના સાથે પાની તલબ કરે. કિબ્લારૂ થઈને અને જમની-ડાબી તરફ ફિરીને તકબીરાઓ બોલે. મુમેનીનને પંદો નસીહત કરે. અફઝલ એ છે કે, સોમવારે આ નમાઝ અદા કરે. આ નમાઝમાં અઝાન યા ઈકામત નથી. ✫

## ---------------------------- મુશ્કિલ અલ્ફાઝ ----------------------------

હિત્તહ - મોહબ્બત, ઈખ્લાસ
ફતેહ - જીતવું, જંગને સર કરવી
ફાતેહાના અંદાઝ - કામિયાબીનો જઝબો
ગુરૂર - ઘમંડ, ફખર
આજિઝી અને ઈન્કેસારી - ઝુકીને અને નમીને
તૌબા અને ઈસ્તિગફાર - મગફેરત અને મુઆફી ચાહવી
બાતિની દાઅવત - ઈસ્લામનો અંદરૂની પહેલું કે જેનો હક્ક ફક્ત વસી અને એમની આલને હોય છે
તલબ કરવું - માંગવું
નિહાયત -ખૂબ
મનક્કુન - સુકૂન
ખુશૂઅ અને ખુઝૂઅ - નમનતાઈ અને પુરખુલૂસ તાઅત
સાઈલ - માંગનાર, સવાલ કરનાર
રિદા - તે કપડું યા દુપટ્ટો જે મરદો ખભા પર નાંખે છે
પંદો નસીહત - શીખામણ ✫

**વરસાદ એક એવી નેઅમત છે કે જે ઈન્સાન વાસ્તે ગિઝા-જમનનો સરંજામ કરે છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
## કિસ્ત-૩૪

### રાઝની વાતો બૈરોના નઝદીક ના કરો, તેને તમારા દિલમાં કૈદ રાખો.

એક ઈસ્રાઈલી જવાન હતો. ઘણો નૈક દિલ અને ખૌફે ખુદા રાખનારો હતો. ખુદાતઆલાના હર ફરમાનને સર-આઁખોં પર ચઢાવતો હતો. ગુનાહથી તો જાણે તેનો દૂર-દૂર તક તઅલ્લુક ન હતો. આ મુજબની તે જવાનની સીરતના સબબ, ખુદાતઆલા તેનાથી ઘણા ખુશ હતા. એક ફરિશ્તાના ઝરીએ જે એક દોસ્ત બનીને જવાનના નઝદીક આવો અને કહ્યું કે, "તારા વાસ્તે એક ખુશખબરી છે, પૈગામે ઈલાહી છે કે તારી પરહૈઝગારી અને દીનદારીના સબબ ખુદાએ તારી ત્રણ હાજિતો પૂરી કરવાનો વાઅદો આપો છે. તારી ફરઝ એ છે કે, તું ખુદાની બારગાહમાં તારી તલબ-માંગ-હાજિતને પૈશ કરે. **ખુદાનો વાઅદો સાચો છે અને તે તુંને હરગિઝ રૂસ્વા નહીં કરે.**"

જવાન આ ખુદાઈ તોહફાનો પૈગામ સાંભલીને ખુશ-ખુશ થઈ ગયો. પોતાની ઈબાદત અને મશક્કતના અજરો સવાબ પર નાઝ કરવા લાગો. દિલમાં સોચવા લાગો કે, આ વાત મને કોઈને ના કરવી જોઈએ. ઘણા દિવસો તેને સોચવામાં ગુઝારી દીધા. બેશુમાર હાજિતો તેના ઝહેનમાં ચક્કર કાપવા લાગી. તરહ-તરહના ખયાલો તેના દિલો દિમાગમાં દસ્તક દેવા લાગા. આ બધી કશ-મ-કશમાં તે નક્કી નહોતો કરી શકતો કે, તે કઈ હાજિતને પહેલા પૈશ કરે. આના સબબ તેનો તેના બૈરો સાથેનો સુલૂક બદલાઈ ગયો. બૈરોને શક થયો કે, ઝરૂર તેના શૌહર સાથે કોઈ ચીઝ બનેલી છે, એવી કોઈ વાત છે જે તેનાથી છુપાવી રહ્યા છે.

બૈરોના ખૂબ ઝોર કરવાથી જવાનને થયું કે, લાવ! મને તો સમઝ પડતી નથી, આ વાસ્તે મેં તમામ હકીકત મારી બૈરોને કહી દઉં. શાયદ! તેના મશ્વરાથી કોઈ હલ નિકલી શકે. લેહાઝા, જવાને ત્રણ હાજિતોવાલી પૂરી વાત તેના બૈરોને કહી દીધી. કહ્યું કે, "**તું શુક્ર કર કે આ તારા શૌહરને આ મુજબ ઈલાહી તોહફો મિલો છે, મોટું ઈન્આમ મિલું છે.** પણ હવે મુશ્કિલ એ છે કે, એટલી બધી તમન્નાઓ અને ખ્વાહિશો માંથી કઈ ચીઝને હું પહેલા બારગાહે ઈલાહીમાં પૈશ કરૂં, તે ખુદ મને સમઝ પડતી નથી. આ બાબત તારી શું રાય છે?"

બૈરો ઘણી જ ખુશ થઈ ગઈ. કહેવા લાગી કે, "ખુદા તમારી ઈબાદતને સાથે-સાથે મારી ખિદમતથી પણ રાઝી થયો છે. મેં કોઈ વાર તમને ઈબાદતથી રોકા નથી અને તેના જ સબબ તમારી ઈબાદત કુબૂલ થઈ છે અને મેં જે તમારી ખિદમત કીધી, તે પણ ખુદાની બારગાહમાં કુબૂલ થઈ છે. અય મારા ખાવંદ! ખુદાની મરઝી તો એવી જ છે કે, પહેલા હું મારી ખ્વાહિશને તમારા તરફથી માંગું. પછી જે બાકીની ૨ હાજિતો રહી જાય તેને તમેં માંગી લેજો." બૈરોની આ વાત જવાનને પસંદ પડી. કહેવા લાગો કે, "બરાબર છે, તું તારી પહેલી હાજિત માંગી શકે છે." બૈરોએ કહ્યું કે, "તમેં કેટલા ખુબસૂરત છો! મગર મને જોવ હું કેટલી કઢંગી અને બદસૂરત લાગું છું. શું તમેં એમ ના ચાહો કે, હું ખૂબસૂરત બની જાવ." આ સાંભલી જવાન કહેવા લાગો કે, **ઝરૂર! તું મારા કરતા ખૂબસૂરત હોવી જોઈએ.**

બૈરોએ જવાનને કહ્યું કે, "તમેં ખુદાતઆલાથી દોઆ કરો કે, તે મને તમામ બૈરાઓ કરતા ઝિયાદહ ખૂબસૂરત બનાવી દે." જવાને દોઆ કીધી કે, તરત જ તેની બૈરો હસીનો જમાલદાર બની ગઈ. જવાને કહ્યું કે, "આ શું થઈ ગયું? તું મારી બૈરો છે કે, કોઈ હૂર છે? ઉઠ! જા જઈને આઈનામાં તારો ચહેરો જો!" બૈરોને યકીન ના થયું કે આઈનામાં તે પોતાનો ચહેરો જોઈ રહી છે. **તે તકબ્બુરીથી ભરાઈ ગઈ, ઈતરાવવા લાગી, ફખરથી ચકચૂર થઈ ગઈ.** તેના મહોલ્લાના બૈરાઓએ શૌહરને ખિલાફ તેના દિલમાં બગાવતની આગ ભરી દીધી. તેઓ કહેવા લાગી કે, "તુંને ઝરા પણ અંદાઝો નથી કે, તું કેટલી ખૂબસૂરત છે! અરે! આ મરદના ઘરે તું શું પડી રહી છે! જા, બાહર નિકલ. તારૂં ઠેકાણું તો કોઈ બાદશાહની રાની બનવાનું છે. તારા આ તરહના હુસ્નના સબબ દૌલત તારા કદમ ચુમશે. હઝારો જવાનો તારા પર મરી મિટવા તૈયાર છે."
(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**બૈરોને હામિલ થાવા વાસ્તે જેમ મરદની સોહબતની ઝરૂરત પડે છે તે જ કૈફીયત વરસાદની છે.**

(પેજ નં. ૧૧ નું બાકી)

આ બધી વાતો સાંભલીને તે બૈરો ફુલાઈ ગઈ. જવાનને અકડાઈને કહ્યું કે, "તમારા ઘરમાં મેં ઘણું બરદાશ્ત કીધું. હવે મને યહાઁ એક પલ નથી રૂકવું. આ તમારૂં ઘર મારા જેવી ખુબસૂરત બૈરોને બિલકુલ લાયક નથી રહ્યું. **હું તો હવે કોઈ મહેલમાં જઈને, જાહો જલાલ સાથે, નોકર-ચાકર સાથે ઠાઠથી મારી બાકીની ઝિંદગી કોઈ બાદશાહની મલેકહ બનીને ગુઝારીશ.** હું તો ચાલી, તમને તમારી આ ઝુંપડી મુબારક!"

જે વક્ત તે મગરૂર બૈરોના તકબ્બુરી-ભરા સખુન જવાને સાંભલા તો તે ગઝબનાક થઈ ગયો. ગુસ્સામાં ને ગુસ્સામાં ખુદાતઆલાને ઈલ્તેજા કીધી કે, "અય મારા માલિક! આ શું થઈ ગયું! આ બૈરોએ મારા સાથે બેવફાઈ અને ગદ્દારી કીધી છે. મને ન્હોતી ખબર કે, તે આ મુજબ મારા સાથે સુલૂક કરશે. તો અય મારા રબ, તું તે કમબખ્તને વાંદરીની સૂરતની બનાવી દે. તેનો ચહેરો કાલો અને ડરાવનો કરી નાંખ. તે કોઈને પોતાનું મૂઁહ બતાવવાને કાબિલ ના રહે. તેના ગુરૂરને નેસ્તો-નાબૂદ કરી દે."

દોઆ પૂરી થાવાની વાર હતી કે, તે બૈરોનો ચહેરો કાલો-ઠીકરૂં થઈ ગયો, વાંદરી જેવો ભયાનક થઈ ગયો. તે જવાનના ઘરમાં આસપાસના બધા બૈરાઓ જમા થઈ ગયા. બધાની બોલતી બંધ થઈ ગઈ. જે ગુરૂરના મારે તે બૈરો છાપરે ચઢી ગઈ હતી, તે ઝિલ્લતના ખાડામાં ડટાઈ ગઈ. તમામથી પોતાનું મૂઁહ છુપાવવા લાગી. **જવાનના પગ પકડીને આજિઝી કરવા લાગી, મુઆફી માંગવા લાગી.** જવાનના ઘરમાં ત્રણ દિવસ તક આ માજરો ચાલો. બૈરોને તેની ગલતીનો અહેસાસ થયો. એટલી હદ તક આહો બુકા કીધી કે, જાણે જાન મુકી દેશે.

આખિર તો તે જવાન ઈબાદતગુઝાર હતો. તેના દિલમાં બૈરો વાસ્તે રહેમ પૈદા થયો. ખુદાતઆલા તરફથી જે ત્રણ હાજિતો માંગવાનો અવસર જવાનને મિલો હતો તેમાંથી બે હાજિત તો પૂરી થઈ ગઈ હતી અને આખિરી જ બાકી હતી. જવાનને થયું કે, આ મારી બૈરો હવે નાદેમહ અને શરમિંદા છે. તેં સોચ્યું કે, જે હુસ્નના સબબ મારી બૈરોની આ હાલત થઈ, તો મને ખુદાને ઈલ્તેજા કરીને તેની અસ્લી હાલત પર લાવી દેવી જોઈએ કે જેના સબબ આ બલા ટલી જાય.

જવાને દર્દભરા આવાઝમાં ખુદાતઆલાને ઈલ્તેજા કીધી કે, "અય મારા પરવરદિગાર! મારી આખિરી હાજિત બાકી છે, મારી બૈરોની શિક્લો સૂરત જે વાંદરી જેવી થઈ ગઈ છે તેને હવે તું તેની અસ્લી હાલતમાં લઈ આવ. તેને પહેલા જેવી બનાવી દે. મને હુસ્નો જમાલવાલી બૈરો નહીં પણ ખિદમત કરનારી સાદી-સીધી બૈરો જ કાફી છે, અફઝલ છે. **મારી ઘણી જ મોટી ખતા થઈ કે, ત્રણ હાજિતોની વાત મેં મારા બૈરોને કીધી.** મારી બૈરોની નાદાની અને કમફહેમીના સબબ મેં મારૂં ઈલાહી ઈન્આમ ગુમાવી બેસો. તારી હિકમત બજા છે કે, બૈરો તે આખિર બૈરો જ છે. તે ઘરની ઝીનત છે અને તે અખ્લાકથી ઝીનતદાર હોય તે ઝિયાદહ પસંદીદહ છે, ના કે તે શિક્લો સૂરતથી ઝીનતદાર હોય. અય પરવરદિગારે આલમ! મને બેહદ અફસોસ છે કે, **હું તારા કરમનો લ્હાવો ના ઉઠાવી શકો.**"

જવાને આ મુજબ શિકવા શિકાયત કીધી કે, તેની આખિરી હાજિત પણ પૂરી થઈ ગઈ. તેની બૈરોનો ચહેરો પહેલા જેવો થઈ ગયો. જવાને કહ્યું કે, "જોયું! મેં ખૈર સમઝીને મારા રાઝની વાત તુંને કીધી હતી કે, તું મને તેમાં મદદ કરીશ! પણ તારી વાતોંના ચક્કરમાં ના મને કઈ ફાયદો થયો ના તુંને! અપને જ્યાં હતા ત્યાં જ રહ્યા. રાઝને ફાશ કરવાનો આ બુરો નતીજો મને મિલો."

અય મુમેનીન! આ હિકાયતથી અપને સબક લેવો જોઈએ. ઘરમાં ભલે તમામ સાથે અપને રહેતા હોઈએ. કારોબાર સાથે કરતા હોઈએ. પણ હરએકનો કિરદાર અને તબીઅત અલગ-અલગ છે. જે વાતની હકીકત જાણીને તેને બરાબર પચાવી શકે તે પર જ ભરોસો થાય, તમામને ઝાહિર-બાતિનની વાતોં ના કહેવાય. **બૈરો અપના શરીકે હયાત હોય, અપના ઘરના એક અંગ હોય, અપના રાઝદાન હોય, તો તેની ઈઝ્ઝત કરવી અને તેના કાન પર વાત નાખવી ઝરૂરી છે.** મગર તમામ ફેસલામાં બૈરોને મુકદમ કરીને તેની રાઈ ના લેવાય. મરદોના મશ્વરા અને ફેસલા તેને લગતા કામકાજ સાથે જોડાયેલા હોય છે અને બૈરોના બૈરો મુજબ. બૈરોની નૈકી તો તેનામાં છે કે, પોતાના શૌહરને એવી કોઈ વાત ના કરે યા એવા કોઈ હાલાતમાં ના નાંખે કે, તેને કોઈ તકલીફ પહોંચે. મરદ, બૈરોનો લિબાસે ખૈર બને અને બૈરો, મરદ વાસ્તે લિબાસે ખૈર બને, તો જ ઘર આબાદીની સીડી ચઢી શકશે. ✯

**ગરમી યા સરદી માંગવાની કોઈ નમાઝ નથી.**

## ફનાથી બકા તક

સૈયેદના હાતિમ સાહેબ (આ.કુ.) લિખી ફરમાવે છે કે, અપને સઘલા તો પંજતને પાકના અબ્દ છે, ગુલામ છે. તે પાંચ સાહેબની બરકત અપને પહોંચી રહી છે. તે સઘલાના ફૈઝના ચશ્મા અપને તક વહી રહ્યા છે. તે સઘલાના બયાનોથી અને કલામોથી અપને ઝિંદગી સઁવારી રહ્યા છે. જે શાનમાં પંજતન છે તે શાનમાં ઈમામુઝઝમાન (અ.સ.) મૌજૂદ છે. આપ પંજતનના નૂર છે. તે નૂર આપની પૈશાની પર તાબિંદા છે, ચમકી રહ્યું છે. દાઈયુલ્લાહ આપના આ નૂરથી ફૈઝ ઉઠાવી રહ્યા છે. કોઈ પૂછે કે, ઈમામ કહઁા છે? તો જવાબ છે કે, આપ દાઈના દિલમાં છે, દાઈની નઝરમાં છે, દાઈના કલામમાં છે, દાઈના અમલમાં છે. **દાઈની કદમબોસી તે ઈમામની કદમબોસી છે.** દીને હક્કના ઈખ્તિયારાત જે ઈમામે હક્ક પાસે છે તે જ ઈખ્તિયારાત દાઈએ હક્ક પાસે પણ છે. ફરક એટલો જ છે કે, ઈમામનો દરજો દાઈ કરતા આઅલા છે, દાઈ ઈમામના અબ્દ છે અને ઈમામના સતરમાં હોવાથી આપના નામથી દાઅવતનો નિઝામ સંભાલી રહ્યા છે.

ઈમામત હર વક્ત બાકી છે, કેમકે ઈમામોનો સિલસિલો બાકી છે. આમ ઈન્સાન ફાની છે પણ ઈન્સાન, કામિલ મુમિન બનીને બાકી છે. ઈમામના હોવા પર ઈમાન લાવવું તે એક આમ ઈન્સાનને કામિલ ઈન્સાન બનાવી દે છે. આ કામિલ ઈન્સાનમાં હર વક્ત ઈમાન ઝિંદા રહે છે. આ ઈમાન જ છે કે, જેનાથી મુમિન દરજા ચઢે છે. તમામને મુમિન ના કહેવાય મગર તે કે, જે પોતાની ઝાતને ઓલખે. તે એમ જાણે કે, તે નાકિસ છે, અધુરો છે, ગુનાહગાર છે. તેને એવા સાહેબના સથવારાની ઝરૂરત છે કે, જે આ બધ કમીઓને દૂર કરે. તે સાહેબ ખુદાના ઈમામ છે જે એ નાકિસ શખ્સને સહી, સીધી અને સાચી રાહ બતાવે. ઈમામ સાથે રહીને જો તે આ રાહ પર બગૈર કોઈ મનમાની ચાલે તો તેને ખુદાતઆલાની માઅરેફત થઈ જાશે. **જેને ઈમામ મિલા તેને ફનાથી છુટકારો મિલો અને બકાની મંઝિલ પર પહોંચી ગયો.** જિસ્મ સાથે ઝિંદા રહેવું જ ફક્ત ઝિંદગી નથી, પણ ઈમામની માઅરેફત સાથે ઝિંદા રહેવું તે બકા છે, હમેશાની ઝિંદગી છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) ની હઝરતે નબવીયહમાં સવાલ થયો કે, શું કુરઆને કરીમમાં જે બયાનો છે, આયતો છે, તે આગલા નબીઓના સહીફાઓમાં, મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ અને મૌ. મૂસા કલીમુલ્લાહના સહીફઓમાં હતા? શું દીને ઈસ્લામનો તઅલ્લુક એ બધા સહીફાઓ સાથે ખરો? આપે ફરમાવું કે, “હઁા, કુરઆને કરીમમાં બયાન કરવામાં આવેલા ઘણા બધા કિસ્સાઓ અને નસીહતો તે સહીફાઓમાં મૌજૂદ છે. **કુરઆન તો તે આસ્માની સહીફાઓની નસીહતોનો મજમૂઓ છે.**” આપ નબી સાહેબે ફરમાવું કે, ૧) જેને જહન્નમની આગનું યકીન છે તેના વાસ્તે મને અજબ છે કે, તે વારંવાર કેમ હસે છે? ૨) જેને કબરના હિસાબે આઅમાલનું યકીન છે તેના વાસ્તે મને અજબ છે કે, તે કેમ બુરાઈના કામો કરે છે? ગુનાહ કરવાને પોતાની આદત બનાવી લે છે? ૩) જેને કદર-કઝા-હુકમે ઈલાહી પર યકીન છે તેના વાસ્તે મને અજબ છે કે, તે આખેરત વાસ્તે નહીં, પણ પોતાની દુન્યાવી ઝિંદગી આરામદાયક બને તેના વાસ્તે બદનને થકવે છે? ૪) જે શખ્સ જોઈ છે કે, વક્ત અને દુનિયા બદલાતા જાય છે, એક હાલાતમાં રહેતા નથી, તેના વાસ્તે મને અજબ છે કે, તે બિલા-ફિક્ર ઘરોમાં આરામથી સુઈ જાય છે. આ ઈન્કેલાબી દુનિયામાં કોઈને ખબર નથી કે, કાલે ફજર કેવી પડશે. **દુનિયાને રાહતની જગા નહીં પણ ઈબ્રતની જગા માનવી જોઈએ.** ૫) જેને જન્નતની નેઅમતોનું યકીન છે તેના વાસ્તે મને અજબ છે કે, તે શું હસનતનો અમલ કરતો નથી? દીનુલ્લાહિલ કામિલ કે જેના વાસ્તે હું નબી બનીને આવેલો છું, તે હસનતથી ભરેલું છે.

મારા અલીની વલાયતો મહબ્બતથી હસનતની શુરૂઆત થાય છે. **મારૂં દીન તે અલીનું દીન છે.** અલીનું દીન બાકી રહેનારૂં છે. અલીના દીન પર ચાલનાર બાકી રહેશે. મારી આલ તે મારા અલીની ચાલ છે. આ આલને ફના નથી, બીજી તમામ આલને ફના છે. અલીની આલ, અલીના દીનને બાકી રાખનાર છે. અલીના દીનના મુમિન, અલીની આલના સબબ બાકી રહેશે. જે મુજબ ફરિશ્તા બાકી છે, તેમ અલીના મુમિન બાકી છે.” તો અય મુમેનીન! ચલો! આ ફનાના જહાનથી બકાની જન્નતમાં જઈએ.☆

**ઈલ્મ મુજબ વરસાદ થોડો-થોડો અને ધીમો હોય તો બહેતર નહીં તો સૈલાબ તબાહી મચાવી શકે છે.**

# કૂતરો

હરએક ચીઝો જે ખુદાતઆલાએ આ ખલ્કમાં પૈદા કીધી છે, તેના પાછલ કોઈ ખાસ મકસદો રાખેલા છે. લેહાઝા, આ ચીઝોની તબીઅત, તખ્લીક, મિઝાજ, ખસલત, તરીકા, રહેવાની જગા, પરવરિશ કરવાનો માહૌલ અને રાહે ઝિંદગીગુઝારી એકબીજાથી અલગ-અલગ છે. આ તમામમાં ઈન્સાન આઅલા, અફઝલ અને બરતર છે. પણ ઈન્સાન સિવાય, બીજા એવા જાનવરોં પણ છે કે, **જેની ખસલતો અને ખૂબીઓથી ઈન્સાન સબક અને ઈબ્રત હાસિલ કરી શકે છે.** તેમાં સરે ફહેરિસ્ત કૂતરો છે. હાલાંકે કૂતરો તેની ઝાતથી નાપાક છે યાઅની મુમિન તેને રાખી શકે નહીં પણ તેનામાં એવી ખસલતો ખુદાતઆલાએ મુકેલી છે કે, જો ઈન્સાન તેને અપનાવે તો ઘણું બધું ખૈર તેની ઝિંદગીમાં ઉતારી શકે છે. કૂતરાની ગૈરમાઅમૂલી ખસલતો આ મુજબ છે:

૧) તે કીનો-દુશ્મની-અદાવત નથી રાખતો. તેને કોઈ મારે, ઈઝા દે યા હંકાલે અને બીજી જ ઘડીએ તેના નઝદીક હાડકાનો ટૂંકડો ફેંકવામાં આવે તો તે ફૌરન પલટીને તેને ખાય જાશે. રૂઠીને બીજો રસ્તો નહીં પકડે. આ નિશાની મુત્તકી લોગોની છે કે, જેના દિલમાં ખુદાતઆલાના અઝાબનો ડર હોય.

૨) તે જે વક્ત મરે છે તો કોઈ તરહનો તરકો-વિરાસત તેના પાછલ છોડતો નથી અને આ નિશાની **ઝાહિદોની** છે. ઝાહિદને દુનિયાના માલો અસ્બાબની કોઈ પરવાહ અને ફિકર હોતી નથી.

૩) તેને જે દિન જમન મિલતું નથી યા કઈ પણ થોડું મિલી જાય તો શિકાયત કરતો નથી. થોડા પર પણ કનાઅત કરી લે છે અને તેના વાસ્તે કિફાયત થઈ જાય છે. ઝિયાદહ લાલચ અને લોભ તેને પસંદ નથી. આ નિશાની **સાબિર અને સાલેહ** શખ્સની છે.

૪) તેનો માલિક તેના સાથે ગમે તેવો સુલૂક કરે, તેના સાથે ગમે તેવી મહેનત કરાવે, ઝુલ્મો સિતમ કરે, મારે પણ આમ કરવાના બા વુજૂદ તે પોતાના માલિકથી કોઈ વાર બેવફાઈ કરતો નથી, તેનો સાથ છોડતો નથી. આ નિશાની **સાચા વફાદાર લોગોની** છે.

૫) તે હર જગા ભટકે છે, ફિરે છે અને જ્યાં તેને થાક લાગે સુઈ જાય છે. કોઈ એક મકાનમાં તે રહેતો નથી. તેનો ગુઝર-બસર સવાર-સાંજ અલગ-અલગ જગાઓ પર હોય છે. આ નિશાની **મુતવક્કેલીનની** છે. જે ખુદાતઆલા પર હર વક્ત ભરોસો રાખે છે.

૬) તેને રહેવાની યા સુવાની ખસ્તામાં ખસ્તા જગા મિલે તેને ખરાબ લાગતું નથી, પણ તે જગાને પોતાની રાહતની જગા બનાવી લે છે. આ નિશાની **તવાઝોઅ રાખનારની** છે જે અદનામાં અદના ચીઝને પણ કુબૂલ કરી લે છે.

૭) અગર તે ભુખો હોય અને કોઈને જમતા જોઈ તો મૂઁહ મારવા યા તંગ કરવા તેના નઝદીક નથી જાતો અને દૂરથી ઊભો રહીને જોયા કરે છે. જમનાર શખ્સ તેને કોઈ ચીઝ આપે તો જ તે આગલ આવે છે. આ નિશાની **મુફ્લિસ મિસ્કીનોની** છે.

૮) જે શખ્સ તેને પર અહેસાન કરે, તેને જમાડે, તેને લાડ કરે, તેને બરાબર રાખે, તેના સાથે કોઈ વક્ત તે ગદ્દારી કરતો નથી. તેના અહેસાનનો બદલો વફાદારીથી ચુકવે છે. આ નિશાની એક **વફા-શેઆર મુલાઝિમની** છે જે પોતાના માલિકના સાયા જેમ રહે છે અને ઝરા પણ અહેસાન-ફરામોશી કરતો નથી.

૯) તે રાતમાં ઝિયાદહ આરામ કરતો નથી. રાતમાં ઉઠવું અને શબ-બૈદારી કરવી તેની ઝિંદગીનો એક હિસ્સો છે. આ નિશાની તે શખ્સની છે કે, જે રાતમાં ખુદાતઆલાની બારગાહમાં **દોઆ કરે, ઈબાદત કરે અને પોતાના ગુનાહોંને બખ્શાવે.**

૧૦) કોઈ જગા પર તે રહ્યો હોય અને કોઈ બીજું ત્યાંથી તેને કાઢી મુકે અને તે જગા છોડવા પર મજબૂર કરે તો તે ચુપચાપ તે જગાને છોડી દે છે અને બીજી જગાની તલાશમાં નિકલી પડે છે. આ નિશાની તે **રાહગીરો અને મુસાફિરોની** છે, જે ઝાદે તકવા કમાવવા અને હલાલની રોઝી કમાવવા જગા-જગા ફિરે છે અને ખુદાતઆલાની રહેમતના તલબગાર રહે છે. ☆

**વરસાદનું જઝબ થયેલું પાની જો કૂવા માંથી ખેંચીને પીવામાં આવે તો અફઝલ કહેવાય.**

## સાંભળો ! અય અબૂઝર

મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.), મૌ. મિકદાદ (રિ.અ.), મૌ અમ્માર (રિ.અ.) અને મૌ. જાબિર (રિ.અ.) ની મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખુસૂસી અસ્હાબ માંથી મૌ. અબૂઝર (રિ.અ.) પણ હતા. એક વાર નબી સાહેબ સાથે મૌ. અબૂઝર તન્હા બેસા હતા. અરઝ કીધી કે, યા નબીયલ્લાહ! આ ગુલામ હઝાર-હઝાર જાનથી આપના ઉપર કુરબાન થાય, આપ મને કઈ વસીયત ફરમાવીએ, જેના સબબ દુનિયાના ખોટા અને ખરાબ ખયાલાત મારા ઝહેન માંથી ઝાઈલ થાય, હટી જાય.

નબી સાહેબે ફરમાવું કે, સાંભલો! અય અબૂઝર,

૧) તમને તમારા હાલાત પર સબર જોઈતો હોય તો **તમારા કરતા નીચા** જે લોગો છે જેના પાસે દૌલત, મિલ્કીયત, તાકત કે જિસ્માની સુલાહીયત નથી, તેની તરફ તમેં નઝર કરજો. જો આમ કરશો તો તમને માઅલૂમ થાશે કે, તમારી હાલત તે ખસ્તા હાલ લોગો કરતા કેટલી બહેતર છે, તો તમને તમારા હાલ પર સબર આવશે. તમેં હરગિઝ તમારા કરતા જે ઊંચા હોય તેની તરફ નઝર ના કરશો. આમ કરવાથી તમારા દિલમાં હસદ-હિર્સની આગ પૈદા થાશે. તમેં જો આ આગમાં ઘેરાઈ જાશો તો તમારા માંથી બધી જ ભલાઈ મિટી જાશે.

૨) તમેં **મિસ્કીનોને** દોસ્ત રાખજો. તેઓથી દૂરી ના રાખજો. તેઓ વાસ્તે તમેં જેટલા ઝુકશો તેટલા તમારા અમલનો સવાબ ઊંચો જાશે. મિસ્કીન, ખુદા તરફથી આવનાર રસૂલ છે જે રહેમતનો સબબ બને છે.

૩) તમેં હર હાલમાં સાચું બોલજો. **સિદક-બયાની** પર જો તમારી જાન પર બની આવે તો પણ તમેં સચ્ચાઈનું દામન ના છોડજો. તમારૂં સાચું બોલવું જૂઠા-બનાવટી લોગોને હમેશા કડવું લાગશે. તમેં તેનાથી ઝરા પણ ગભરાશો નહીં. તમારૂં સાચું બોલવું સાંભલનારને થોડી વાર ખોટું લાગશે પણ તમને સાચું બોલવા પર ઈત્મિનાન થાશે અને તમેં જૂઠની બલાથી બચી જાશો.

૪) તમારૂં અસલ, તમારી બુનિયાદ હમારા સાથે જાડાયેલી છે. તમારી નફસના ઝર્રા હમારી નફસમાં શામિલ થઈ ચુકા છે. આના સબબ તમેં હમારાથી જુદા નથી. ભલે! તમેં હમારાથી જિસ્માની લેહાઝથી દૂર હોવ મગર રૂહાની લેહાઝથી તમારો અને હમારો સાથ કાયમી છે. **હમારાથી તમેં છો.** તમારા હર અમલમાં હમારા અખ્લાકની રોશની ઝલકવી જોઈએ.

(બકીયાહ પેજ નં. ૫૫૨)

## તિજારત


**Unique Collection**

We at Unique collection carry out the following works.

- ❖ Interior works
- ➢ False ceiling of POP and Gypsum
- ➢ 3D Stretched Ceiling (Based on themes and lighting)
- ➢ 3D Flooring (Theme flooring)
- ❖ Renovation Work
- ➢ Civil Work
- ➢ Electrical Works
- ➢ Furniture work

3D ceiling and flooring will be best suited for office and show rooms. Please feel free to call me for any of these works or queries.

All the above works are carried out at competitive price.

**Contact :**

**Mohammed Husain Umallawala**

Umallawala Building, Badri Mohalla, Wadi, Vadodara.

**M.: +91 9998769628 / +91 9375709551**

**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**

**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**

દુકાન નં. ૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.

**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઇશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**


**સલાતુલ ઈસ્તિસકા યાઅની વરસાદ માંગવાની નમાઝ છે જેનાથી વરસાદની એહમીયત જાણી શકાય છે.**

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નું હમારા મૌલા તરીકે કાઈમ થાવું અને આપની બયઅત હમારા દીન અને ઈમાનની બલંદીનો ખુશ સબબ બનેલી છે.** ✮

## મન્કબત

અલી કી દોસ્તી જો દિલ સે ઈખ્તિયાર કરે,
તો દો-જહાઁ મેં ખુદા ઉસકો બખ્તિયાર કરે.
અલી હી બિસ્તરે અહમદ પે બેખતર સોયે,
અલી હી અપની મોહંમદ પે જાઁનિસાર કરે.
અલી કી દરગહે બખ્શિશ કા પૂછતેં કયા હો,
બયક સવાલ અતા ઊંટ કી કતાર કરે.
અલી સઆદતે દારૈન કા હે સરમાયા,
અલી હી દિલ મેં મોહબ્બત કો બરકરાર કરે.
અલી હી કૌસરો વશ્શમ્સ, વઝ્ઝોહા વલ ફજ્ર,
અલી કુરઆન કે અસ્રાર આશ્કાર કરે.
રશીદ હલ મેરી મુશ્કિલકુશા કરે મુશ્કિલ,
બરૌઝે હશ્ર શફાઅત ભી નામદાર કરે. ✮

**ઝમીનમાં છુપેલા તરહ-તરહના ઝર્રાત**
**વરસાદના સબબ હરકતમાં આવે છે,**
**કાં તો તે ઉગે છે યા તેનાથી બેશુમાર મુખ્તલિફ**
**ઝાત અને રંગના કીડાઓ પૈદા થાય છે.**

**કૂવાની મસલ તે આલે અલી (અ.સ.) ના હક્કના ફાતેમી ઈમામો છે જે મુમેનીનને તેના લાઈક અને જોઈતું જ ઈલ્મ આપે છે.**

## નમાઝી

જન્નત મેં મકાઁ અપના બનાતેં હૈં નમાઝી,
મસ્જિદ મેં બડે શૌક સે જાતેં હૈં નમાઝી.
માઅબૂદ ભી ખુશ હોતા હે મહેબૂબ ભી રાઝી,
સજદે કે લીયે સર જો ઝુકાતેં હૈં નમાઝી.
કહેતા હે યે દરવાઝે પે દરોગએ જન્નત,
હટ જાઓ કે ફિરદૌસ મેં આતેં હૈં નમાઝી.
ખિદમત કે લીયે હૂર, સુકૂનત કે લીયે ખુલ્દ,
ફૂલે નહીં જામે મેં સમાતે હૈં નમાઝી.
હૂરેં હૈં લીયે હાથ મેં હર રંગ કે મેવે,
ફલ અપની નમાઝો કા યે પાતેં હૈં નમાઝી.
હો ફજ્ર યા હો મગરિબો ઈશા, ઝોહર-અસર,
અલ્લાહ કે દરબાર મેં જાતેં હૈં નમાઝી.
સજદે કે નિશાં ચાઁદ સે રૌશન હે જબીં પર,
વો નૂર સે ચહેરે કો સજાતેં હૈં નમાઝી.
ડરતેં હૈં કઝા હોને સે મિટતી હે જઝા ભી,
જાન અપની નમાઝોં મેં લગાતેં હૈં નમાઝી.
ગિલ્માને જિનાં કહેતેં હૈં અબ હમ સે અય મુમિન,
લો તુમ ભી ચલો ખુલ્દ મેં જાતેં હૈં નમાઝી. ✮

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✮

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.